**<u>ક્રિમીનલ કેસ નં.૧૭૨–૨૦૨૬</u>**

**<u>આંક–૦૬ નું સાંધણ તથા તે તળે હુકમ</u>**

૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી.એકટ ની કલમ–૧૮૫ મુજબનો ગુન્હો કરેલ છે. ફરીયાદીની ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી, સાહેદોના નિવેદનો લઇ, આરોપી વિરુધ્ધ ઉપરોક્ત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨) આરોપી હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી ગુન્હા અંગે પુછતા આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુન્હો કબુલ કરવાની રજુઆત કરી, જે લેખિત ગુન્હા કબુલાત પુરસીસ આંક–૦૬ થી રજુ કરેલ છે. ત્યારબાદ આંક–૦૪ થી તહોમત ફરમાવી, આરોપીની પ્લી આંક–૦૫ થી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુન્હો કબુલ જાહેર કરેલ છે. તેમજ આરોપી તરફે નોકલેઇમ પુરસીસ રજુ છે. જેથી આખરી હુકમ કરવો જરુરી છે.

૩) આરોપીને સજા અને દંડ બાબતે સાંભળ્યા. આરોપીએ પોતે ગરીબ વર્ગના માણસો હોવાનું અને કુટુંબની જવાબદારી તેઓની ઉપર હોવાનું જણાવી રહેમ રાખી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

૪) રેકર્ડ ઉપરના સંજોગો, આરોપીની કબુલાત, ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઇ, આરોપીની વય, તેઓની ગરીબી, કુટુંબની જવાબદારી, તેઓનો પસ્તાવો ધ્યાને લઇ, આરોપીને સજા કરતી વખતે એક તક આપવી યોગ્ય માની નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**<u>હુકમ</u>**

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ મુજબ આરોપીને ધી બોમ્બે પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના શીક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)બી માં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા  રુ.૧૦૦/– (અંકે રુપીયા એક સો પુરા) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ માં રૂા.૩,૦૦૦/– (અંકે રુપીયા ત્રણ હજાર પુરા) કુલે મળી  રૂા.૩,૧૦૦/– (અંકે રુપીયા ત્રણ હજાર એક સો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપીએ દંડની રકમ જમાં કરાવવામાં કસુર કર્યેથી દિવસ–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ મુદામાલ વાહન પરત મેળવવા માટે આંક–૦૭ થી અરજી રજુ છે, આરોપી તરફે આંક–૮ થી નોકલેઇમ પુરસીસ રજુ છે. સદર મુદામાલ અરજી આથી મંજુર કરવામાં આવે છે અને આંક–૦૭ વાળા અરજદારને મુદામાલની માલીકીની ખરાઇ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ મેજીસ્ટ્રેટ તરીકે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**માતર**

**(નરેન્દ્રકુમાર)**
**જયુડી.મેજી.ફ.ક.માતર**
**જીજે.૦૧૪૪૦**